# ગાયત્રી અને યજ્ઞ ભારતીય સંસ્કૃતિનાં માતાપિતા

ગાયત્રી ભારતીય સંસ્કૃતિની જનની અને યજ્ઞ ભારતીય ધર્મના પિતા છે. ભારતીય તત્વજ્ઞાનનો સાર આ બંને તથ્યોમાં સમાયેલો છે. તેથી ગાયત્રી અને યજ્ઞને આપણે અનાદિકાળથી આપણાં આધ્યાત્મિક માતાપિતા માનીએ છીએ.

ગાયત્રી મહામંત્ર ઉપાસનાની દૃષ્ટિએ પરમ સામર્થ્યવાન છે. શાસ્ત્રકારોએ તેનાં પાંચ મુખ, પાંચ નામ દર્શાવ્યાં છે : (૧). અમૃત, (૨). પારસ, (૩). કલ્પવૃક્ષ, (૪). કામધેનું, (૫). બ્રહ્મા. આ પાંચેય દ્વારા જે લાભ ઉઠાવી શકાય છે, તે સર્વને આપી શક્વાની ક્ષમતા આ મહામંત્રમાં સમાયેલી છે. મનુષ્યની અંદર અન્નમય કોશ, મનોમય કોશ, પ્રાણમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ છે. આ પાંચેયમાં અગણિત રહસ્યમય શક્તિઓ છુપાયેલી છે. તેમને જાગૃત કરવા ગાયત્રી ઉપાસનાથી શ્રેષ્ઠ બીજી કોઈ મોટી સાધના નથી. ષટ્ચક્રોનું ભેદન, કુંડલિની જાગરણ, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોનું શુદ્ધીકરણ તથા ૧૨ મહત્વપૂર્ણ યોગ સાધનાઓની સફળ સાધના ગાયત્રીના માધ્યમથી જ થઈ શકે છે. આ મહાશક્તિને તંત્રમાર્ગથી પ્રયોજીને આશ્ચર્યચકિત કરી દેનાર સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. યોગસાધનાનું કેન્દ્રબિંદુ આપણા ધર્મમાં ગાયત્રી મહામંત્ર જ રહ્યો છે.

આત્મબળ વધારવા અને આત્મશુદ્ધિ માટેનો આ સાર્વજનિક સાર્વભૌમ મંત્ર છે. તેની ઉપાસના નરનારી, બાળક-વૃદ્ધ કોઈ પણ કરી શકે છે. બુદ્ધિને પ્રકાશવાન અને પ્રખર બનાવવી અંતઃકરણમાં ઋતંભરા પ્રજ્ઞાને પ્રકાશવાન કરવી, એ ગાયત્રીની સૌથી મોટી વિશેષતા છે. તેથી ભારતીય ધર્મના દરેક અનુયાયી માટે આ મંત્રની ઉપાસના નિત્ય અનિવાર્ય દર્શાવી છે. જે તેની ઉપેક્ષા કરે છે. તેની કડક શબ્દોમાં ટીકા કરવામાં આવી છે કોઈ માણસ ગમે તે દેવતા કે મંત્રની સાધના ભલે કરતો હોય, છતાં તેને સૌથી પહેલાં ગાયત્રી દ્વારા અંતઃકરણ ચતુષ્ટય તથા ઈન્દ્રિયસમૂહને શુદ્ધ કરવો પડે છે. તેના વિના કોઈ સાધના સફળ થઈ શક્તી

નથી. કષ્ટ, સંકટ વિપત્તિ અને ચિંતાજનક મૂંઝવણો હલ કરવા માટેનો માર્ગ પ્રાપ્ત કરી શકે છે. નિરાશાજનક પરિસ્થિતિઓમાં આશાનો પ્રકાશ ઉત્પન્ન કરવા અને ખાલીપણાને સમૃદ્ધિમાં બદલી નાખવાની શક્તિ આ મહામંત્રમાં કેટલી હદ સુધી ભરેલી છે તેની પરીક્ષા કોઈપણ વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક ગાયત્રીમંત્રની ઉપાસના કરીને ક્યારેય પણ કરી શકે છે.

ભારતીય ધર્મનો સમગ્ર વિસ્તાર વેદોથી થયો અને ચારેય વેદ ગાયત્રીના ચાર ચરણોની વ્યાખ્યા માત્ર છે. જે આપણા ધર્મગ્રંથોમાં કહેવામાં અને સમજાવવામાં આવ્યું છે તે સર્વ બીજરૂપે ગાયત્રીમાં મોજુદ છે, આ મંત્રના ૨૪ અક્ષરોની વ્યાખ્યા કરવામાં આવે, તો તેમાં નીતિ, ધર્મ, સદાચરણ તથા લોકવ્યવહારનું એવું શિક્ષણ વણાયેલું મળશે, જેને અપનાવીને મનુષ્ય પોતાનો લોક અને પરલોક સુખશાંતિમય બનાવી શકે છે. વિવેકબુદ્ધિને પ્રાથમિકતા આપવી અને તેને સર્વોપરી ઈશ્વરીય સંદેશ માનવો એ ગાયત્રીનો સાર છે. નીરક્ષીરનો વિવેક અયોગ્યને છોડવાનો અને યોગ્યને સ્વીકારવાનો નિર્દેશ કરે છે. માતાના રૂપમાં ગાયત્રીની પ્રતિમા બનાવીને એ પ્રતિપાદન કરવામાં આવે છે કે નારીની પવિત્રતા અને સત્તા નર કરતાં અધિક છે. તેથી તેને દરેક ક્ષેત્રમાં અધિક શ્રેય, સન્માન પ્રદાન કરવું જોઈએ. ગાયત્રીનું તત્વજ્ઞાન અપનાવીને જો આપણે દૂરદર્શી, વિવેકશીલ અને નીતિવાન બની શકીએ અને નારી પ્રત્યે અતિ પવિત્ર બુદ્ધિ રાખીએ, તો આ ધરતી ઉપર સ્વર્ગના અવતરણની સંભાવનાઓ મૂર્તિમાન કરી શકીએ છીએ.

આપણે નિત્ય નિયમિત રૂપની ગાયત્રી ઉપાસના માટે થોડો સમય કાઢતા રહેવું જોઈએ. ઘર-પરિવારમાં એ પ્રથા-પરંપરા ચલાવવી જોઈએ કે ઘરનો દરેક સભ્ય નિત્ય ગાયત્રી મંત્રની સાધના કરે, ભલે પછી એ પાંચ મિનિટ માટે જ કેમ ન હોય.

ગાયત્રી માતાના રૂપમાં ઈશ્વરની ઉપાસના કરવાથી પ્રેમનું સર્વોપરી કેન્દ્રબિંદુ એવા માતૃહૃદયની ભાવના કરવાનો અવસર આપણને મળે છે. જે રૂપમાં

ભગવાનને આપણે ભજીએ છીએ તેવી જ અનુભૂતિ તેઓ પ્રદાન કરે છે. સ્નેહમયી માતાનું ધ્યાન આપણને વાત્સલ્યની ભાવભરી અનુભૂતિઓની પુલકિત કરી દે છે. જેને માતાના રૂપમાં ગાયત્રી મહાશક્તિની ઉપાસનામાં નિરાકાર-સાકારની મુશ્કેલી હોય તેઓ પ્રાતઃકાળમાં ઉદય થતા, સમસ્ત પ્રાણીઓને પ્રાણ પ્રદાન કરનાર પરમ તેજસ્વી સૂર્યનું ધ્યાન કરતાં કરતાં ગાયત્રી મંત્રના જપ ધ્યાન કરી શકે છે. પૂજાની વિધિ અતિ સરળ છે. શરીરને શુદ્ધ કરીને સ્વચ્છ સ્થાન અને શાંત વાતાવરણમાં આસન પાથરીને બેસવું જોઈએ. આચમન માટે જળ અને પ્રકાશ તથા ઉર્જા માટે અગરબત્તી વગેરેથી અગ્નિની સ્થાપના કરીએ તો વધુ સારું પવિત્રીકરણ, આચમન વગેરે ક્રિયાઓ પછી ભગવાનની સમીપતાનું ધ્યાન કરતાં કરતાં ગાયત્રી મંત્રનો જપ કરવો જોઈએ. નિયત સંખ્યા અને નિયત સમયનું ધ્યાન રાખવું જોઈએ અને અંતમાં સૂર્યની દિશામાં મોં રાખી અર્ધ્ય આપીને શ્રધ્ધંજલિ અર્પિત કરવી જોઈએ.

ગાયત્રી મહાવિજ્ઞાન' ગ્રંથમાં ઉપાસનાના યોગ અને તંત્રમાર્ગના વિસ્તૃત પ્રયોગ લખ્યા છે, પણ સર્વ-સાધારણ માણસનું કામ ઉપરોકત સંક્ષિપ્ત વિધિથી પણ ચાલી શકે છે.

ગાયત્રીનો પૂરક યજ્ઞ છે. આ એક અતિ મહત્વપૂર્ણ વિજ્ઞાન છે, જે વિશ્વવ્યાપી ચેતન જગતને પ્રભાવિત કરે છે. જડ જગતને પ્રભાવિત કરનાર અનેક વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ છે. ઠંડીને ગરમીમાં બદલી નાંખનાર હીટર અને ગરમીને ઠંડીમાં બદલી નાંખનાર 'કૂલર' પોતાનો ચમત્કાર દેખાડે છે. અંધકારને રોશનીમાં બદલી નાંખનાર વીજળીનો લાભ હરકોઈ જાણે છે, પણ માનવીય ચેતના અને વિશ્વવ્યાપી ચેતનાને પ્રભાવિત કરનાર યજ્ઞવિદ્યા વિષે બહુ જ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. પ્રાચીનકાળનું અધ્યાત્મવાદી વિજ્ઞાન પોતાની સક્રિયતાને માટે મહત્વપૂર્ણ સહાયતા યજ્ઞીય ઉર્જામાંથી ગ્રહણ કરતું હતું શારીરિક જ નહીં, માનસિક રોગોના નિવારણની અમોધ ક્ષમતા યજ્ઞીય પ્રક્રિયામાં મોજૂદ છે. વ્યક્તિગત તથા સામૂહિક સંકટોનું નિવારણ કરતી શક્તિશાળી ઉર્જા યજ્ઞો દ્વારા વાતાવરણમાં પ્રસરાવી શકાય છે.

પ્રકૃતિગત વાતાવરણ તેના દ્વારા બદલી શકાય છે, પણ આજે તો આ સમગ્ર વિજ્ઞાન જ વિસ્મૃત થઈ ગયું તેની શોધ ફરીથી કરવી જોઈએ અને આ અતિ સરળ, પરંતુ મહત્વપૂર્ણ વિજ્ઞાનનો લોકોનાં સુખશાંતિ વધારવા માટે ઉપયોગ કરવો જોઈએ. આ કાર્ય શોધકર્તા અધ્યાત્મ વિજ્ઞાનીઓનું છે કે તેઓ આપણી લુપ્ત વિદ્યાઓનું અન્વેષણ કરી તેમને પુનઃપ્રાપ્ત કરે અને તેના દ્વારા માનવીય પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપે. આ કાર્ય થોડા સમય પછી આપણે શરૂ કરવાના છીએ અને આશા રાખવી જોઈએ કે યજ્ઞ વિદ્યાના માધ્યમથી માનવજાતિને એક નવીન, અતિ પ્રાચીન તથા અતિ મહત્વપૂર્ણ શક્તિ હાથ લાગશે અને તેના માધ્યમથી આપણે આપણા ખોવાયેલા વર્ચસ્વને પુનઃ પ્રાપ્ત કરી શક્વામાં સમર્થ થઈશું.

યજ્ઞના તત્વજ્ઞાનની પ્રથમ પ્રેરણા એ છે કે મનુષ્ય યજ્ઞીય જીવન જીવે. જે પ્રકારે હવનકુંડમાં જ્વાળાઓ ઊઠે છે, તે જ પ્રકારે આપણા અંતઃકરણમાં શૌર્ય, સાહસ, વિવેક, સત્ય, કર્તવ્ય વગેરે સદ્દગુણોની પ્રખરતા દિપ્તીમાન રહે. જે પ્રકારે હવન દ્વારા વાયુમંડળ સુગંધિત થાય છે તે જ પ્રકારે જો આપણું કર્તવ્ય દયા, કરુણા, સેવા અને સહૃદયતાની ભાવનાઓથી ઓતપ્રોત હોય, તો આ કર્તવ્ય દ્વારા સહયોગ, સદ્દભાવનાનું તથા સુખશાંતિનું વાતાવરણ બને તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આ પવિત્રતા અને પ્રખરતાનું પ્રતીક છે અને યજ્ઞપૂજકોની વિચારધારા અને ક્રિયાપદ્ધતિ આ જ માન્યતાઓથી ઓતપ્રોત હોવી જોઈએ. વ્યક્તિગત સુવિધા અનુસાર ઘી,સાકર, ઔષધિઓ વગેરેનો હવન કરીને આપણે સુખદાયી વાયુમંડળ બનાવવા અને તેનો લાભ સમસ્ત પ્રાણીઓને પહોંચાડવાની ભાવના રાખીએ છીએ. તે જ રીતે આપણું સમસ્ત જીવન યજ્ઞમય બને અને તેનો લાભ સમસ્ત સંસારનાં પ્રાણીઓને મળે તેવા ઉમંગો પણ મનમાં જાગતા રહેવા જોઈએ. અગ્નિહોત્રની ધાર્મિક પ્રક્રિયા જીવનને યજ્ઞમય બનાવવા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પ્રકટ કરી શકીએ તેવો આપણે પ્રયત્ન કરવો જોઈએ. ગાયત્રી અને યજ્ઞનું યુગ્મ આપણી સંસ્કૃતિ અને ધર્મનાં જનક છે. તેમનો સમુચિત પ્રભાવ આપણા જીવનમાં ઓતપ્રોત થાય એ જ યોગ્ય છે.